# સંપાદકીય

## લાલુની બિમારી, રાહુલની મુલાકાત

ઘાસચારા કૌભાંડમાં સજા પામેલા લાલુપ્રસાદ યાદવ બિમારીના કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે. એઈમ્સ-દિલ્હીમાં સારવાર માટે લાલુને લઈ જવાયા અને ત્યાંના ડોકટરોએ કહ્યું કે, તબિયત સારી છે અને રાંચીમાં બાકીની સારવાર શક્ય છે. આ રીતે લાલુને એઈમ્સમાંથી રજા અપાઈ અને રાંચી લઈ જવાયા. એ મુદ્દે લાલુ સમર્થકોએ ઉત્પાત મચાવ્યો, રેલવે સ્ટેશને જે વર્તન કરાયું એ શરમજનક છે. રાંચીની રિમ્સ હોસ્પિટલમાં એમને દાખલ કરાયા છે અને ત્યાં ડોકટરોએ કહ્યું છે કે, લાલુને ૧૫ પ્રકારની બિમારી છે અને ૧૯ પ્રકારની દવાઓ અપાય છે. પણ મુદ્દો એ છે કે, સારવાર રાંચીમાં શક્ય છે કે નહીં ? લાલુ યાદવ એક રાજકીય પક્ષ સાથે જોડાયેલા છે, ભૂતપૂર્વ મંત્રી છે એટલે એમને એઈમ્સમાં જ સારવાર મળે એવો આગ્રહ શા માટે ? શું રાજકારણીઓ વિશેષાધિકાર ધરાવે છે ? અગાઉ પણ રાજકારણીઓના કિસ્સામાં એવું બન્યું છે કે તેઓ બિમારીના બહાને હોસ્પિટલમાં દાખલ થાય છે અને જેલવાસ ટાળે છે. લાલુ યાદવના કિસ્સામાં તો દિલ્હીનો આગ્રહ એટલે હોઈ શકે કે, દિલ્હી રહેવાથી રાષ્ટ્રીય રાજકારણમાં એમ પોતાની ભૂમિકા રહે. પણ, કોઈપણ પક્ષના નેતા હોય એમને નિયમ મુજબ જ સારવાર મળવી જોઈએ. નેતા કે મંત્રી હોવાથી ગેરલાભ ઉઠાવાય એ ચલાવી ન લેવાય અને લાલુએ પોલીસ સાથે જે વર્તન કર્યું એ પણ ક્ષોભજનક છે અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ એમની સાથે એઈમ્સમાં મુલાકાત કરી એ દ્રશ્યો જોતા કોણ કહે કે, લાલુને ગંભીર બિમારી છે ?

બીજો મુદ્દો એ છે કે, રાહુલ લાલુ યાદવને શા માટે મળ્યા ? યાદ કરો મનમોહનસિંહ સરકારમાં પેલો અધ્યાદેશ એમણે ફાડી નાખ્યો હતો અનેએ કારણે જ કોઈ નેતા કસૂરવાર ઠરે તો એનું સંસદનું સભ્યપદ જાય અને લાલુને સજા થઈ કે એમનું સભ્યપદ ગયું અને રાહુલ એ પછી લાલુથી અંતર રાખતા આવ્યા છે. બિહારમાં ગઈ ચૂંટણીમાં મહાગઠબંધન કોંગ્રેસે કર્યું ત્યારે તેઓએ એક પણ જાહેરસભામાં લાલુ યાદવ સાથે મંચ પર જોડાયા નહોતા. ભ્રષ્ટાચારના મુદ્દે રાહુલ લાલુથી એક અંતર રાખે છે એવું સમજાયું પણ છેલ્લા થોડા સમયથી એમનું વલણ બદલાયું છે. લાલુ યાદવના પરિવારજનો સામેય કેસ ચાલે છે. પણ રાહુલે લાલુ પુત્ર તેજસ્વિનીને આમંત્ર્યા હતા અને હવે તેઓ એઈમ્સમાં લાલુને મળવા ગયા અને એમ દિલ્હીની જન આક્રોશ રેલીમાં ભ્રષ્ટાચાર મુદ્દે એમણે મોદી સરકાર પર તાતા તીર ચલાવ્યા બાદ લાલુને મળવા ગયા એનો શો અર્થ સમજવો ? શું એ માત્ર લાલુના ખબરઅંતર પૂછવા ગયા હતા ? કે પછી લાલુ યાદવના પક્ષ સાથે તેઓ કોઈ સંબંધ જોડવા માંગે છે. એક વાત નોંધપાત્ર છે કે, લાલુ યાદવ સોનિયા ગાંધીના સમર્થક રહ્યાં છે. પણ રાહુલ એમને બહુ પસંદ નથી એવી છાપ છે તો રાહુલ-લાલુની મુલાકાત કોઈ નવા સમીકરણ તરફ નિર્દેશ કરે છે ? રાહુલ ભ્રષ્ટાચારની વિરુધ્ધમાં છે. એની જોડાજોડ લાલુ સાથેની મુલાકાતનો કઈ રીતે મેળ બેસે છે ? રાહુલે આ બાબતે સ્પષ્ટતા કરવી જ જોઈએ. એમની આ મુલાકાતથી કેટલાક સવાલો જરૂર પેદા થયા છે.

## રાસાયણિક ખાતર, જંતુનાશક દવા, બિયારણના વિક્રેતાઓએ સમયસર લાયસન્સક રિન્યુ કરાવવું

**અમરેલી,** અમરેલી જિલ્લારના રાસાયણિક ખાતર, જંતુનાશક દવા, બિયારણના વિક્રેતાઓએ લાયસન્સા સમયસર રિન્યુ કરાવવાના રહે છે. સરકાર માન્યજ રાસાયણિક ખાતર, સરકારી રજીસ્ટ્રે શન થયેલ જંતુનાશક દવા અને બિયારણનું જ વેચાણ કરવું. સરકારી રજીસ્ટ્રે શન થયેલ ન હોય તેવા કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતર, જંતુનાશક દવા, બિયારણનું વેચાણ કરવું નહિ. વેચાણ કરેલ વસ્તુકઓનું પાકું બિલ આપવું અને સરકારશ્રીના ધારા-ધોરણો મુજબ સ્ટોક રજીસ્ટહર નિભાવવું અને સ્ટોતક રજીસ્ટપર જે-તે તાલુકાઓના એગ્રિકલ્ચમર ઈન્સસપેકટર દ્વારા પ્રમાણિત કરાવવાનું રહેશે. દુકાનની બહાર વ્યપવસ્થિ ત રીતે વાંચી શકાય તે રીતે ભાવદર્શક બોર્ડ લગાડવાનું રહેશે.

## પાકિસ્તાન સાથે સંવાદ

પાકિસ્તાન સાથે સરકારના સ્તરે સીધી વાતચીતને બદલે બંને દેશોના કેટલાક ચુનંદા લોકો વચ્ચે વાર્તાનો અનૌપચારિક સિલસિલો ચાલુ હોવાને લઈને સહેજ પણ ઉત્સાહિત થવા જેવું નથી. આ પ્રકારની વાતચીતને ભલે અનૌપચારિક કૂટનીતિક પહેલ તરીકે પરિભાષિત કરવામાં આવે, પરંતુ અત્યાર સુધીનો અનુભવ એ દર્શાવે છે કે સંવાદની આ રીતથી કશું હાંસલ નથી થતું. આ વખતે પણ એવું જ કશું થાય તો આશ્ચર્ય નહીં. તેમ છતાં આ પ્રકારની વાતચીત ચાલુ રાખવામાં કોઈ વાંધો નથી, કારણ કે તેનાથી બંને દેશોની સરકારો એકબીજાની ચિંતાઓ અને અપેક્ષાઓથી અવગત થઈ જાય છે. નિઃસંદેહ આ પ્રકારની અનૌપચારિક મંત્રણા ઔપચારિક મંત્રણાનો પણ આધાર બની શકે છે, પરંતુ પાકિસ્તાનની અત્યારની હાલતને જોતાં તેના અણસાર નહિવત છે. પાકિસ્તાનમાં સત્તારૂઢ પક્ષના વડા નવાઝ શરીફ સેના અને સુપ્રીમ કોર્ટની જુગલબંધીને કારણે શાસન વ્યવસ્થાથી બહાર છે અને જ્યારે સામાન્ય ચૂંટણી નજીક આવી ગઈ છે, ત્યારે તેમનું રાજકીય ભવિષ્ય ડામાડોળ થઈ ગયેલું છે. નવાઝ શરીફે પોતાની જગ્યાએ જે શાહિદ ખાકન અબ્બાસીને વડાપ્રધાન પદ પર બેસાડ્યા છે, તે રાજકીય રૂપે બેહદ કમજોર છે. ખુદ પોતાના લોકોની નજરમાં તેઓ એવા કામચલાઉ વડાપ્રધાન છે, જે સહેજ પણ પ્રભાવ નથી છોડી શક્યા. આખરે જ્યારે રાજકીય રૂપે તાકાતવર નવાઝ શરીફના જમાનામાં સેના પાકિસ્તાનના સત્તા પ્રતિષ્ઠાન પર હાવી હતી અને એ જ કારણે પઠાણકોટ હુમલાની તપાસ ભટકી ગઈ, તો પછી એ આશા કઈ રીતે રાખી શકાય કે તેમના કમજોર ઉત્તરાધિકારી વિદેશ નીતિ મામલે પ્રભાવી બની શકશે? એ પણ ધ્યાન રહે કે નવાઝ શરીફના રાજીનામા બાદ પાકિસ્તાનમાં સેના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાનું મહત્ત્વ ક્યાંય વધી ગયું છે. આ તથાકથિત બાજવા સિદ્ધાંતની ચર્ચાથી પણ જણાઈ આવે છે.

પાકિસ્તાની સેના બાજવા સિદ્ધાંતની ભલે ગમે તેવી વ્યાખ્યા કરે, ભારત મામલે તેનું વલણ જેમનું તેમ છે. તમામ મુશ્કેલીઓથી ઘેરાયા બાદ પણ પાકિસ્તાની સેના ભારત પાસેથી બદલો લેવાની પોતાની જૂની નફરતભરી માનસિકતાનો ત્યાગ કરતી નથી દેખાતી. સીમાની હાલત તેની સાક્ષી પણ પૂરે છે. એ કોઈથી છૂપું નથી કે સીમા પર સંઘર્ષ વિરામ એક અરસાથી ઉલ્લંઘનનો પર્યાય બની ચૂક્યો છે. એવા સમયે જ્યારે પાકિસ્તાન નવી સરકારની રાહ જોઈ રહ્યું છે, ત્યારે તેના એવા લોકો સાથે અનૌપચારિક વાતચીતનું કોઈ ખાસ મહત્ત્વ નથી, જેઓ સેનાના વલણમાં બદલાવ લાવવા સક્ષમ ન હોય. એ સંભવ છે કે પાકિસ્તાની સેનાએ એવા કોઈ સંકેત આપ્યા હોય કે ભારત પ્રત્યે પોતાના શત્રુતાપૂર્ણ વલણને છોડવા માટે તૈયાર છે. પરંતુ જ્યાં સુધી એના ઠોસ પ્રમાણ જોવા નથી મળતા, ત્યાં સુધી પાકિસ્તાનથી સાવધ રહેવામાં જ ભલાઈ છે. એ સાચું છે કે નીમરાણા સંવાદ અંતર્ગત અનૌપચારિક મંત્રણા તૂટેલા ક્રમને આગળ વધારવાની અપેક્ષા ઈસ્લામાબાદે જાહેર કરી હતી.

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.

# UPSC ફાઈનલમાં પસંદગી પામનારા સ્પીપાના ૨૦ યુવા-યુવતિઓ મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાતે



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ યુ.પી.એસ.સી. દ્વારા લેવાયેલી સિવિલ સર્વિસિઝ પરીક્ષા ૨૦૧૭મા ફાઈનલ સિલેક્શન માટે પસંદ થયેલા ગુજરાતના ૨૦ યુવા-યુવતિઓને ઉચ્ચ અને ઉજજવળ કારકિર્દી માટેની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે આ યુવાઓ અને તેમના પરિવારજનો સાથે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને શુભેચ્છા સૌજન્ય મુલાકાતમાં યુવાઓને રાષ્ટ્રહિત તેમજ સમાજના વંચિત, પીડિત, ગરીબ વર્ગોના હિતને હૃદયે રાખી નિષ્ઠાપૂર્વક સેવા દાયિત્વ અદા કરવા પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની પ્રોત્સાહક યોજના અન્વયે UPSC ફાઈનલ પસંદગી પામેલા ગુજરાતના વતની પ્રત્યેક યુવાઓને રૂ. ૫૧ હજાર અને ૩ દિકરીઓને રૂ. ૬૧ હજારના ચેક તેમજ પ્રશસ્તિપત્ર અને શિલ્ડથી સન્માનિત કર્યા હતાં.

ગુજરાતના યુવાઓને આવી ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી-તાલીમ માટે રાજ્ય સરકાર સંચાલિત સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થામાંથી આ ૨૦ યુવાઓએ તાલીમ મેળવીને સફળતા હાંસલ કરી છે.

ગુજરાત સરકાર આ સંસ્થામાં તાલીમ મેળવી પ્રિલિમ્સ પરીક્ષાથી લઈને ફાઈનલમાં પસંદગી પામવાના વિવિધ તબક્કાઓમાં આવા યુવક-યુવતીઓને વિશેષ પ્રોત્સાહન સહાય આપે છે. તદઅનુસાર પ્રિલીમ પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા પાસ કરનારા યુવકને રૂ. ૨૫ હજાર અને યુવતીને રૂ. ૩૦ હજાર તેમજ યુ.પી.એસ.સી. ફાઈનલ પસંદગી મેળવનારા યુવાનોને રૂ. ૫૧ હજાર અને યુવતીને રૂ. ૬૧ હજાર અપાય છે.

આ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થામાં તાલીમ મેળવી ઉચ્ચ સનદી સેવાઓમાં ફાઈનલ સિલેકશન પામનારા યુવાઓની સંખ્યા ૨૦૧૪માં ૨૦, ૨૦૧૫માં ૧૭, ૨૦૧૬માં ૧૯ તેમજ ૨૦૧૭માં ૨૦ની રહી છે.

તાજેતરમાં ૨૭ એપ્રિલે પ્રસિદ્ધ થયેલા પરિણામમાં પણ સ્પીપાના ૨૦ યુવાઓની ફાઈનલ પસંદગી થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની આ તાલીમ સંસ્થામાં શ્રેષ્ઠ લાઈબ્રેરી સહિતની અભ્યાસ સામગ્રી અને માર્ગદર્શન પૂરું પાડવા માટે સ્પીપા કર્મયોગીઓને પણ અભિનંદન પાઠવ્યા હતાં.

UPSCમાં ફાઈનલ પસંદગી પામેલા યુવા-યુવતિઓ વતી ૩ સફળ ઉમેદવારોએ પોતાના અનુભવો વર્ણવ્યાં હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમાર, સ્પીપાના મહાનિર્દેશક શ્રી ધનંજય દ્વિવેદી, ઉપ-મહાનિર્દેશક શ્રી ભીમજીયાણી તેમજ કર્મયોગીઓ, પસંદગી પામેલા યુવાઓના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# બહાનાંબાજીની સારવાર

રાંચીથી સારવાર કરાવવા દિલ્હી આવેલા રાષ્ટ્રીય જનતા દળના સજાપ્રાપ્ત નેતા લાલુ પ્રસાદ યાદવે ખુદને એમ્સમાંથી રવાના કરવા પર જે પ્રકારનો તમાશો ઊભો કર્યો અને તેમના સમર્થકોએ રેલવે સ્ટેશન પર જે ઉત્પાત મચાવ્યો, તે મનમાનીનું શરમજનક ઉદાહરણ જ કહી શકાય. લાલુ યાદવ જ્યારે એક મહિના પહેલાં રાંચીથી દિલ્હી આવ્યા હતા, ત્યારથી જ એ સંકેત મળી ગયા હતા કે તેમનો હેતુ સારવારને બહાને જેલમાંથી બહાર રહેવાનો અને સાથે જ દિલ્હીમાં રહીને પોતાની રાજકીય ગતિવિધિઓ ચલાવવાનો વધારે છે. એનાથી મોટી વિટંબણા બીજી શી હોય કે લાલુ યાદવને સ્વાસ્થ્ય સંબંધી સામાન્ય સમસ્યાઓના નિદાન માટે પહેલાં જેલની બહાર આવીને રાંચીની સૌથી મોટી હોસ્પિટલ રિમ્સમાં ભરતી થવાનો અવસર મળ્યો અને ત્યાર બાદ ઉપચારના નામે દિલ્હીની એઈમ્સમાં? શું આપણા દેશમાં અન્ય સજાપ્રાપ્ત કેદીઓને પણ આવી જ સુવિધા મળે છે? જો નહીં, તો પછી લાલુ યાદવને કેમ મળવી જોઈએ? શું લાલુ યાદવ ફક્ત એટલા માટે વિશેષ સુવિધાઓ મેળવવાના હકદાર બની જાય છે કે તેઓ ભૂતકાળમાં અનેક મહત્ત્વપૂર્ણ પદો પર રહી ચૂક્યા છે અને એક રાજકીય પક્ષને નિયંત્રિત કરે છે?એનાથી પણ મોટો સવાલ એ છે કે જ્યારે એઈમ્સના ડોક્ટરોએ તેઓ સાજા હોવાનું નિદાન કર્યું તો શું તેમને બદલે લાલુ યાદવના એ દાવા પર વિશ્વાસ કરવો કે તેમને ગંભીર બીમારીઓએ ઘેરી લીધા છે?

જો આવું થવા લાગ્યું તો પછી હોસ્પિટલમાં ઈલાજ કરાવવા આવેલા કોઈ કેદીને ત્યાંથી હટાવવા મુશ્કેલ થઈ જશે. એ તો લાલુ યાદવની જેમ કહેતો રહેશે કે તેને હજુ સારવારની જરૂર છે. એનાથી ખરાબ વાત બીજી કોઈ ન હોય કે ખુદને ગરીબોના મસીહા ગણાવનાર લાલુ યાદવની સારવારના નામે એ એઈમ્સમાં રહેવા માંગતા હતા, જેમાં સામાન્ય લોકોએ ઉપચાર કરાવવા માટે મહિનાઓ સુધી રાહ જોવી પડે છે. લાલુ યાદવે એઈમ્સમાં જે રીતે જબરદસ્તી રહેવા ઉધામા કર્યા, તેનાથી તો તેઓ ઉપચારમાં પણ છેતરપિંડી કરતા જ દેખાયા. રેલવે સ્ટેશન પર પોલીસ કર્મીઓને વઢવા-ધક્કા મારવા સમયે તેમના હાવભાવ જોઈને કોઈ કહી ન શકે કે તેઓ ગંભીર રૂપે બીમાર છે અને તેમને વારે-વારે ચક્કર આવી રહ્યા છે! એના પહેલાં તેઓ એઈમ્સના પોતાના પ્રાઈવેટ વોર્ડમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને પણ સહજ ભાવે મળે છે. એ હાસ્યાસ્પદ છે કે પોતાની જનઆક્રોશ રેલીમાં ભ્રષ્ટાચાર પર ગુસ્સો વ્યક્ત કરનારા રાહુલ ગાંધી બીજા દિવસે ચારા કૌભાંડમાં સજા પામેલા લાલુ યાદવ સાથે મુલાકાત કરવાનું પસંદ કરે છે. શું તેઓ ભ્રષ્ટાચારમાં સજા પામેલા નેતાઓનો સાથ લઈને ભ્રષ્ટાચાર સામે લડવાનો ઈરાદો ધરાવે છે? તેમનો ઈરાદો જે પણ હોય, તેની અવગણના ન કરી શકાય કે આપણા દેશમાં જેલમાં જવાની નોબત આવતાં જ નેતા અને અન્ય વગદાર લોકો હોસ્પિટલની શરણ લેવામાં સફળ થઈ જાય છે.

# તડકો-તડકો રમે છે ધરતી ને સૂરજ

સમગ્ર ગુજરાતમાં હિટવેવ છે, કોઈ પણ શહેર કાળઝાળ ગરમીના પ્રકોપથી બચ્યું નથી. વૈશાખ મહિનો જ ગરમીનો અને દાહક તાપનો સૌથી વધુ ગરમ ગણાતો મહિનો છે. શાળામાં અંગ્રેજી વ્યાકરણમાં સુપરલેટીવ ડિગ્રી ભણતા ત્યારે એક વાક્ય આવતું મે ઈઝ ધ હોટેસ્ટ મંથ ઓફ ધ યર, અર્થાત વર્ષમાં સૌથી વધારે ગરમ મહિનો મે છે. ગરમીના દિવસોમાં તાપ પડે એ સ્વાભાવિક છે પરંતુ છેલ્લા દાયકાથી જે રીતે ઋતુચક્ર પલટાયું તે પર્યાવરણ માટે ચિંતાજનક છે ગમે ત્યારે વરસાદ પડી શકે છે અને ઉનાળો તો લગભગ બારેમાસ અનુભવાય છે. શિયાળો સમ ખાવા પૂરતો એક-બે મહિનામાં જ પૂરો થઈ જાય છે. આકાશમાંથી અગનજવાળાઓ વરસી રહી છે. બપોરના ૧૨ થી સાંજના ૬ સુધી શહેરમાં સ્વયંભૂ કરફ્યુ હોય તેમ રસ્તાઓ સુમસામ ભાસે છે. શ્રમજીવીઓ પણ તડકાના કેરથી બચવા વૃક્ષનો વિસામો લેતા નજરે પડે છે.

ગ્લોબલવૉર્મિંગ છેલ્લા દાયકામાં સૌથી વધુ કાને પડતો શબ્દ છે. પૃથ્વી નામનો ગ્રહ અનેક રીતે વિશિષ્ટ છે એટલે તો આ ગ્રહ ઉપર જીવસૃષ્ટિ પાંગરી છે. પૃથ્વીના વાતાવરણમાં ગ્રીન હાઉસ વાયુઓનું સ્તર છે. જે પૃથ્વી પર આવતા સૂર્યના કિરણોની ગરમી શોષી લેવાનો વિશિષ્ટ ગુણ ધરાવે છે, તેને પરાવર્તિત થવા નથી દેતા. આના કારણે પૃથ્વી-હુંફાળી ગોદડી બની રહે છે. પરિણામે જીવસૃષ્ટિ પાંગરી છે. પરંતુ વસ્તી વધારો, અગણિત વાહન-વ્યવહાર, ઉદ્યોગો અને એવી અનેક બાબતોના કારણે વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ તેમાં પણ કાર્બનડાયોકસાઈડનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. પરિણામે પૃથ્વી હુંફાળી ગોદડીના સ્થાને આગ ઓકતી અગનભઠ્ઠી બની ગઈ છે. કુદરતની સમતુલા અવિચારી માનવજાતે ખોરવી છે. ગ્રીનહાઉસ વાયુઓને એક માત્ર વૃક્ષો જ અંકુશમાં રાખી શકે છે. લીલી વનસ્પતિ એક માત્ર એવો સ્ત્રોત છે જે કાર્બનડાયોકસાઈડને અંકુશમાં રાખે છે અને તેને ગળી જઈ પ્રાણવાયુ એટલે કે ઓકિસજનથી ભેટ આપે છે.

વિશ્વામાં વિકસીત દેશો થવાની લ્હાયમાં પૃથ્વીની હરિયાળી ચુંદડી એવા જંગલોનો બેફામ વિનાશ તેના વિનાશક પરિણામ બતાવી રહ્યો છે. કુદરત પાસે માનવજાતને આપવા અખૂટ ભંડાર ભર્યો છે. પરંતુ અમર્યાદિત જરૂરિયાતોને પોષવા કુદરત પણ લાચાર છે. પીવાલાયક પાણીના સ્ત્રોના તળિયા દેખાઈ રહ્યાં છે. ભારત જેવા દેશમાં તો વરસાદ આધારિત કૃષિપ્રધાન અર્થવ્યવસ્થા છે. જો થોડાક વર્ષ ચોમાસુ નિષ્ફળ જાય તો શું થશે એની આશંકાઓ થથરાવે તેવી છે. ગુજરાતના ઘણા વિસ્તાર એવા પણ છે. જ્યાં એક બેડું પીવાલાયક પાણી માટે આખો દિવસ જાય છે. જ્યાં પીવાના પાણીની આટલી તંગી હોય ત્યાં વિકાસની વાતો શું કરવી? શરૂઆતના વર્ષોમાં અખૂટ નર્મદાના નીરને નહેર વાટે આડેધડ ખેતીમાં આપી-આપી વિકાસનો ફુગ્ગો બહુ ફૂલ્યો પરંતુ યોગ્ય વ્યવસ્થાપન અને ભ્રષ્ટ્રાચાર અને લોકોની ખાસ કરીને ખેડૂતોની મફતમાં પાણી મળે છે તો વેડફો એવી માનસિક્તાના કારણે નર્મદા જેવી બારેમાસ પાણીથી ભરપૂર નદીના તળિયા અત્યારથી જ દેખાઈ રહ્યાં છે. વિકાસનો ફુગ્ગો ગરમીના તાપથી ફુટી ગયો છે !!

ઈઝરાયેલ જેવા દેશ પાસેથી પાણીનું વ્યવસ્થાપન શીખવું જ પડશે. પાણી એ કુદરતનો અમૂલ્ય સ્ત્રોત છે. તેને આ રીતે વેડફવુ એ ભવિષ્યમાં ઘણાં જ ગંભીર પરિણામો લાવશે. આપણે જે વિસ્તારમાં રહીએ છીએ એ મધ્યગુજરાતમાં અનેક નદીઓના પ્રતાપે પાણીના તળ ઊંચા છે. પરિણામે ૨૪ કલાક પાણીની રેલમછેલ છે. મોટાભાગની આ વિસ્તારની ગૃહિણીઓને ચાલુ નળે પાણી બેફામ ઢોળવાથી જન્મજાત આદત છે, વળી કુદરતની આ મહેરને બડાશ દ્વારા કહેતી પણ સાંભળી છે, 'અમારે તો ૨૪ કલાક પાણી આવે !! ગમે તેટલું ઢોળીએ તો પણ કંઈ વાંધો નહિ !!' આ માનસિક્તા બદલવાની જરૂર છે. પાણી હશે તો આવતી પેઢીને કામ આવશે. મીઠા પાણીના તળ પણ નીચા જઈ રહ્યાં છે. પહેલા ૧૦ ફૂટે પાણી આવતા હવે તે ૪૦-૫૦ ફૂટે પણ આવતા નથી. આવું ને આવું થતું રહેશે તો આગામી વર્ષોમાં જળસંકટના દિવસો દૂર નથી.

વૈશાખની બપોર વૈરાગ્ય પમાડી દે તેવી છે. ઉનાળાની સવાર તો તોફાન કરતા બાળક જેવી છે. ક્યારે સંતાઈ જાય છે. એની જ ખબર પડતી નથી. વૈશાખની બપોર એટલી લાંબી લાગે છે જાણે ધરતી અને સૂરજ તડકો-તડકો રમે છે. રસ્તા પર તડકાનો જ ટ્રાફિક હોય છે. સુખી લોકો એસી ના સહારે બપોરને ટૂંકી કરે છે બપોરની વામકુથી જે ઘણા માટે ૩-૪ કલાકની પણ હોય તે સદ્ભાગીના નસીબમાં હોય છે એવું ઊંઘવાવાળા અને જાગતા રહેલા કેટલાક અભાગી બંને માનતા હોય છે. બંને પોતપોતાની રીતે નસીબની પારાશીશી ઊંચી-નીચી કરીને મન મનાવે છે ! એસીના સહારે ગરમીનો પ્રકોપ ઓછો તો કરી શકાય છે.પણ આપણને મળતી એ ઠંડક પણ પર્યાવરણની સમતુલાને ખોરવે છે એનો ખ્યાલ આપણને નથી. અથવા છે તો મારે શું ? એવી માનસિક્તાના કારણે આપણે આપણાં જ કમ્ફર્ટને ધ્યાનમાં રાખી જીવીએ છીએ. આપણા ઘરને, ઓરડાને વાતાનુકૂલિત કરતાં એસીમાં વપરાતો સીએફસીવાયુ પર્યાવરણને કેટલી હાની પહોંચાડે છે.એવું જો વિચારીએતો પૃથ્વીનું કલ્યાણ થઈ જાય. પરંતુ અત્યારે તો આપણી જ અવિચારી, સ્વાર્થી અને મારે શું અને મારું શુંની માનસિકતાના કારણે નંદનવન જેવી પૃથ્વીનું નિકંદન કાઢી નાંખવા બેઠા છીએ !!

દરેક ઋતુ માણસજાતને શીખવે છે. જીવનમાં ટાઢ, તડકો, વરસાદ આવશે અને જશે. ટકી રહેવાનું શીખવાનું છે કુદરત પાસેથી ધરતી પર ચાસ પડી જાય એટલી હદે સુક્કીભઠ્ઠ થઈ જાય છે. પણ ધરતીને ખબર છે. એ જેટલી તપશે આકાશ એટલું જ વરસશે! ગમે તેટલો ગરમીનો પારો હોય, આંબાની ડાળ પર કોયલ ટહુકે જ છે. કોયલને ટહુકવા માટે એસીની ઠંડક નથી જોઈતી !! કોયલનો ટહુકો ગરમીનો મોહતાજ નથી મને તો ઘણીવાર કોયલનો ટહુકો જ ટાઢકનો પર્યાય લાગે છે. ગરમીના દિવસોમાં કોઈવાર ભૂલથી બહાર નીકળી ગયો હો તો રસ્તાની બંને બાજુએ જો કાપી ન નખાયા હોય તો ખીલેલા ગુલમહોર અને ગરમાળો દેખાશે. વૈશાખ મહિનો ગુલમહોર અને ગરમાળાના ખીલવાની ઋતુ છે આજુબાજુની પીડાને ભૂલીને પોતાનામાં પૂરબહાર ખીલવાની કળા ગુલમહોર અને ગરમાળા પાસે છે. વૈશાખના સંત જેવા આ બે વૃક્ષો જીવનનું સત્ય પણ સમજાવી જાય છે, ઉનાળો આકરો છે પણ બેબાકળો નથી. ધરતી જાણે ગરમીને બધુ જ ખુલ્લા હાથે આપી દેવા તત્પર બની છે અને ઉનાળો પણ બધુ જ લૂંટવા બેકાબુ બન્યો છે જેટલા તપીશું એટલું વધુ પામીશું એવી જીવનની અદ્ભુત ફિલસૂફી સમજાવતો આ ઉનાળો તપતો જોગી છે. અને એ-જ વરસાદની બુંદનો તો જ સાચો સાક્ષાત્કાર થાય જો કોઈના માટે નિઃસ્વાર્થ તપ્યા હોઈએ !!

# આર્થિક સુધારા અટકાવતી ચૂંટણીઓ

મોદી સરકારના વિમુદ્રીકરણના નિર્ણયથી લઈને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના અમલ સુધીના મક્કમ નિર્ધાર સુધી દરેકેદરેક આર્થિક પગલાંની આકરામાં આકરી ટીકા કરવામાં આવી હતી. અર્થતંત્રનો વિકાસ પણ એને કારણે તાત્પૂરતો રુંધાયો. એમ છતાં મોદી સરકારે હિંમત હાર્યા વિના અને ચોમેરથી થતી એકધારી ટીકા સહન કરીને આર્થિક સુધારાને પંથે આગળ વધ્યા કર્યું. હવે ચાર વર્ષે ધીરે-ધીરે આ સુધારાની અસર દેખાવા માંડી છે. જોકે અત્યારે તો માત્ર કેટલાક સંકેતો જ મળી રહ્યા છે પણ વૈશ્ર્વિક રોકાણકારોની વાત માનીએ તો ભારતનો 'હાથી' વધુ થોડાક આર્થિક સુધારા બાદ હવે દોડવા માટે તૈયાર છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના એક ટોચના અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું કે ભારતનો આર્થિક વિકાસ હવે વેગ પકડશે, પરંતુ તરત તેમણે જ ભારપૂર્વક એવું પણ કહ્યું હતું કે એકધારા આર્થિક ગ્રોથ માટે આ સુધારાઓનો અમલ જરૂરી છે અને બૅંકિંગ સેકટરની તગડી - મજબૂત બેલેન્સશીટ્ની આવશ્યકતા પણ છે.

આઈએમએફના એશિયા ઍન્ડ પેસિફિક ડેવલપમેન્ટના ડિરેક્ટર ચાન્ગપોન્ગે એવું આર્થિક સુધારાઓની દિશામાં મોદી સરકારની કામગીરીની પ્રશંસા કરી હતી. જોકે માત્ર ભૂતકાળમાં કરાયેલા સુધારાઓથી વાત નહીં બને પણ વધુ સુધારાઓના અમલીકરણ પર ભાર મૂકવાની જરૂર છે. ભારત ચીને છેલ્લા દાયકામાં કર્યું તેમ ગ્લોબલ ગ્રોથ સર કરે ઘણું સારું રહે. તેની પાસે ક્ષમતા છે, વસતિ છે, વિશાળ માર્કેટ છે. બધું જ છે માત્ર અમલ જ એક મૂળ અને મુખ્ય મુદ્દો છે.

ભારતના ૭.૪ ટકાના આર્થિક વિકાસની વાત કરીએ તો હાલને તબક્કે આર્થિક દૃષ્ટિએ મોટા ઊભરી રહેલા દેશોમાં આ વિકાસ સૌથી ઊંચો છે અત્યારે ભારતનો આર્થિક ગ્રોથ રેટ ચીન કરતાં પણ વધુ છે. આજે ઘણાં રાષ્ટ્રો ભારતને નિહાળી રહ્યાં છે, તેઓ જુએ છે કે ભારત ચીનની જેમ અન્ય ગ્રોથ લીડર બનશે કે કેમ? ભારત પાસે ઘણી સારી યોજનાઓ છે, પરંતુ એમાં ઝાઝી પ્રગતિ થઈ નથી. વિદેશી રોકાણકારોની આ ફરિયાદ છે. હવે ભારત સરકાર માળખાકીય સુધારણાઓ પર કામ કરી રહી છે અને આગામી ચૂંટણીઓ પણ મહત્ત્વની બની રહી છે.

આશા છે કે મોદી સરકાર સુધારાવાદી પગલાં અટકાવશે નહીં, કેમ કે આર્થિક સુધારાઓ જ ભારતનું ભાવિ નિશ્ર્ચિત કરશે. આશા છે કે ચૂંટણીઓ મોદી સરકારના સુધારાતરફી પગલાંની ગાડી ખોરવી નહીં નાખે. વૈશ્ર્વિક નાણાકીય કટોકટીને લીધે વિકસીત અર્થતંત્રો મંદ પડી ગયા હતા ત્યારે ચીનના ઊંચા આર્થિક વિકાસને જોરે વૈશ્ર્વિક વૃદ્ધિદર જળવાઈ રહ્યો હતો.

હવે ચીનનો વિકાસદર નીચે આવી ગયો છે ત્યારે ભારતની આર્થિક વૃદ્ધિ વિકસી રહી હોવાના સમાચાર શુભ છે.

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

**રજિસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લી, આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭.
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.

આથી સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદાર/સહકરજદારનું નામ / લોન એકાઉન્ટ નંબર | મિલ્કતની વિગત / કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | સંજય રાજેન્દ્રભાઈ શાહ/વૈશાલી એસ શાહ - LBBRD00002300181 | મિલકતનું સરનામુ ૧) ફ્લેટ નં. ૯૦૪ ૯મો માળ વિન્ગ એ ટાવર એ ગ્રેટ સિએલ, વૃજ વિહાર સોસાયટી પાસે, રાણેશ્વર ટેમ્પલ પાસે,આરએસ/નં. ૩૬૪ એફપી નં. ૨૪/૨ પૈકી, વડોદરા ૩૯૦૦૧૫ મિલકત સરનામુ ૨) ફ્લેટ નં. ૯૦૧ વિન્ગ એ ટાવર બી ગ્રેટી સિએલ, વૃજ વિહાર સોસા. પાસે,રાણેશ્વર ટેમ્પલ પાસે, આરએસ નં. ૩૬૪ એફપી નં. ૨૪/૨ પૈકી વડોદરા ૩૯૦૦૧૫ મિલકત સરનામુ ૩) ફ્લેટ નં. ૪૦૧ વિન્ગ એ ટાવર એ ગ્રેટી સિએલ, વૃજ વિહાર સોસા. પાસે, રાણેશ્વર ટેમ્પલ પાસે, આરએસ ૩૬૪ એફપી નં. ૨૪/૨ પૈકી વડોદરા- ૩૯૦૦૧૫.મિલકત સરનામુ ૪) ફ્લેટ નં. ૯૦૧ ૯માં માળેવિન્ગ એ ટાવર એ ગ્રેટી સિએલ, વૃજ વિહાર સોસા. પાસે, રાણેશ્વર ટેમ્પલ પાસે, આરએસ ૩૬૪ એફપી નં. ૨૪/૨ પૈકી વડોદરા- ૩૯૦૦૧૫/૨ મે, ૨૦૧૮. | ૨૭ માર્ચ, ૨૦૧૭ રૂા. ૧,૦૭,૫૨,૦૭૨.૦૦/- | વડોદરા |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ સહ-કરજદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૦૫- મે- ૨૦૧૮
સ્થળ : વડોદરા

સહી/-
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ